# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 02-10-2023** **Evening : 7.50 to 8.00**
**Day : Monday** **National News**

### આકાશવાણી સમાચાર **અંકિત પ્રજાપતિ** વાંચે છે.

****************************************************

- પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ મધ્યપ્રદેશમાં 19 હજાર 206 કરોડ અને રાજસ્થાનમાં સાત હજાર કરોડ રૂપિયાના વિવિધ વિકાસ યોજનાઓનો શિલાન્યાસ- લોકાર્પણ કર્યા..
- મેડિસિન અને ફિજીઓલોજી ક્ષેત્રમાં વર્ષ 2023નો નોબલ પુરસ્કાર, હંગેરીના પ્રોફેસર કેટેલીન કારીકો અને અમેરિકના પ્રોફેસર ડ્રીયુ વિસમેનને સંયુક્ત રીતે આપવામાં આવશે.
- દિલ્હી પોલીસે એક કુખ્યાત આતંકવાદીની ધરપકડ કરી છે, જે પુણે ISIS મોડ્યુલનો સભ્ય હતો.
- રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીની 154મી જન્મજયંતિની દેશભરમાં થઇ રહેલી ઉજવણી - રાષ્ટ્રપતિ, ઉપરાષ્ટ્રપતિ, પ્રધાનમંત્રી સહિત અનેક મહાનુભાવોએ રાજઘાટ ખાતે પૂજ્ય બાપુને શ્રધ્ધાજંલિ અર્પણ કરી.
- એશિયન ગેમ્સમાં 13 સુવર્ણ, 24 રજત અને 23 કાંસ્ય ચંદ્રકો સાથે ભારતે અત્યાર સુધીમાં કુલ 60 ચંદ્રકો જીત્યા છે.

****************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# PM-MP-VISIT-UPDATE

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે મધ્યપ્રદેશના ગ્વાલિયરમાં 19 હજાર 206 કરોડ રૂપિયાના વિવિધ વિકાસ યોજનાઓનો શિલાન્યાસ- લોકાર્પણ કર્યો.. પ્રધાનમંત્રીએ આજે ગ્વાલિયરમાં જનસભાને સંબોધતા કહ્યું કે, આજે કોઈપણ સરકાર એક વર્ષમાં જે પણ કામ કરે છે તે અમારી સરકારે એક જ દિવસમાં કર્યું છે.

**(બાઇટ- પીએમ મોદી)**

પ્રધાનમંત્રીએ કહ્યું કે, મધ્યપ્રદેશને ડબલ એન્જિન સરકારમાં વિશ્વાસ છે તેમણે કહ્યું કે, ભાજપ સરકારે મધ્યપ્રદેશને બીમાર રાજ્યમાંથી ટોચના 10 રાજ્યોમાં લાવ્યું છે અને હવે અમે તેને ટોચના ત્રણ રાજ્યોમાં લઈ જવા માંગીએ છીએ.

તેમણે કહ્યું કે, છેલ્લા નવ વર્ષમાં દેશ વિશ્વની પાંચમી સૌથી મોટી અર્થવ્યવસ્થા બની ગયો છે અને આગામી સમયમાં આપણે વિશ્વની ત્રણ શ્રેષ્ઠ અર્થવ્યવસ્થાઓમાં સામેલ થશું તેની પ્રધાનમંત્રીએ ખાતરી આપી હતી. ભાજપ સરકાર દ્વારા વચનો પૂરા કર્યા હોવાનો ઉલ્લેખ કરતા પ્રધાનમંત્રીએ કહ્યું કે, અત્યાર સુધીમાં 4 કરોડ મકાનો બન્યા છે.

શ્રી મોદીએ કહ્યું કે, મહિલા સશક્તિકરણ એ મતબેંકનું રાજકારણ નથી પરંતુ મહિલા શક્તિને સશક્ત બનાવવા અને સમાજને બદલવાનું અભિયાન છે. નારી વંદના કાયદો આ દિશામાં એક મજબૂત પગલું છે...

શ્રી મોદીએ કહ્યું કે વિશ્વકર્મા યોજનાએ નાના કામ કરનારા લોકોને નવી ઉર્જા આપી છે કારણ કે તેમની લોનની ખાતરી કેન્દ્ર સરકાર દ્વારા આપવામાં આવી રહી છે.

. . . . . . . . . . . . . . . . .

## EVE.-PM-Rajasthan--visit

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે રાજસ્થાનના ચિત્તોડગઢ જિલ્લામાં જનસભાને સંબોધિત કરતાં જણાવ્યું હતું કે, કોંગ્રેસ જનતાને ગેરમાર્ગે દોરીને સત્તામાં આવી છે પરંતુ તે સરકાર ચલાવી શકી નથી. તેમણે કહ્યું કે, રાજસ્થાનના મુખ્યમંત્રી અશોક ગહલોત છેલ્લા 5 વર્ષથી તેમની સરકારને બચાવવામાં વ્યસ્ત છે.

પ્રધાનમંત્રીએ કહ્યું કે, રાજ્યમાં ભાજપની સરકાર બનશે તો કોઈ પણ લોક કલ્યાણ યોજનાઓ બંધ કરવામાં આવશે નહીં અને જે યોજનાઓમાં ભ્રષ્ટાચાર હશે ત્યાં કાર્યવાહી કરવામાં આવશે.

રાજસ્થાનમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ અંગે શ્રી મોદીએ કહ્યું કે, રાજસ્થાન ગુનાખોરી અને મહિલાઓ સામેના અત્યાચારની બાબતમાં દેશનું ટોચનું રાજ્ય બન્યું છે, જે ચિંતાનો વિષય છે. શ્રી મોદીએ કહ્યું કે, ભાજપ સરકાર રાજ્યમાં મહિલાઓની સુરક્ષા સુનિશ્ચિત કરશે. તેમણે કહ્યું કે વિપક્ષી પાર્ટીઓ મહિલા અનામત વિધેયક પર ખોટી અફવાઓ ફેલાવી રહી છે.

પ્રધાનમંત્રી વિશ્વકર્મા યોજના વિશે બોલતા શ્રી મોદીએ કહ્યું કે, વિશ્વકર્મા પરિવારોને આ યોજનાનો લાભ મળશે. શ્રી મોદીએ કહ્યું કે તેમની સરકારે સત્તામાં આવતાની સાથે જ સૈનિકોને વન રેન્ક વન પેન્શન લાગુ

કર્યું અને અત્યાર સુધીમાં OROP યોજના હેઠળ ભૂતપૂર્વ સૈનિકોને 70 હજાર કરોડ રૂપિયા આપ્યા છે.

આ અગાઉ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ બપોરે રાજસ્થાનના ચિત્તોડગઢમાં આશરે 7 હજાર કરોડની વિવિધ વિકાસ યોજનાઓનું લોકાર્પણ અને શિલાન્યાસ કર્યો હતો. પ્રધાનમંત્રીએ 4500 કરોડના ખર્ચે બનાવવામાં આવેલી મેહસાણા-ભટિંડા-ગુરદાસપુર ગેસ પાઈપલાઈનનો શિલાન્યાસ કર્યો. પ્રધાનમંત્રી દ્વારા રાષ્ટ્રને સમર્પિત કરાયેલા રેલવે પ્રોજેક્ટ્સમાં ચિત્તોડગઢ-નીમચ રેલ્વે લાઇન અને કોટા- ચિત્તોડગઢ ઇલેક્ટ્રીફાઇડ રેલ્વે લાઇનને બમણી કરવાના પ્રોજેક્ટનો સમાવેશ થાય છે.

. . . . . . . . . . . . . . . . .

## NOBEL-MEDICINE

મેડિસિન અને ફિજીઓલોજી ક્ષેત્રમાં વર્ષ 2023નો નોબલ પુરસ્કાર, હંગેરીના પ્રોફેસર કેટેલીન કારીકો અને અમેરિકના પ્રોફેસર ડ્રીયુ વિસમેનને સંયુક્ત રીતે આપવામાં આવશે. બંને વૈજ્ઞાનિકોએ એવી તકનિક વિકસાવી જેનાથી mRNA આધારિત કોવિડ રસીનું નિર્માણ શક્ય બન્યું.

આ તકનિક પર કોવિડ મહામારી પહેલા પ્રયોગ ચાલી રહ્યા પરંતુ હવે વિશ્વભરના લાખો લોકોને રસી આપવામાં આવી છે.

યુનિવર્સિટી ઓફ પેન્સિલવેનિયામાં લાંબા સમયથી કામ કરતા બંને વૈજ્ઞાનિકોને તેમના સંશોધન માટે 2021માં પ્રતિષ્ઠિત લાસ્કર એવોર્ડ સહિત અનેક પુરસ્કારો જીત્યા છે..

. . . . . . . . . . . . . . . . . .

## DELHI-POLICE--TERRORIST

દિલ્હી પોલીસના સ્પેશિયલ સેલે આજે રાષ્ટ્રીય તપાસ સંસ્થા- NIAના મોસ્ટ વોન્ટેડ અને શંકાસ્પદ ISIS આતંકી શાહનવાઝની દક્ષિણ દિલ્હીના જેતપુરથી ધરપકડ કરી છે. તે રાષ્ટ્રીય તપાસ સંસ્થા- NIAની મોસ્ટ વોન્ટેડ લિસ્ટમાં હતો, જેના પર ત્રણ લાખ રૂપિયાનું ઈનામ હતું. દિલ્હી પોલીસના સ્પેશિયલ સેલે મોડ્યુલના કેટલાક અન્ય સભ્યોની પણ અટકાયત કરી છે. આ મોડ્યુલ વિદેશ સ્થિત હેન્ડલર્સની સૂચનાઓ લઈને ઉત્તર ભારતમાં આતંકી ઘટનાઓને અંજામ આપવાની યોજના બનાવી રહ્યું હતું.

. . . . . . . . . . . . . . . . . .

## Gandhi Jayanti - Shastriji

રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીની આજે 154મી જન્મજયંતિની દેશભરમાં ઉજવણી થઈ રહી છે.. દેશ- વિદેશમાં રાષ્ટ્રપિતાને શ્રદ્ધાંજલી આપવાના શ્રેણીબદ્ધ કાર્યક્રમોનું આયોજન કરાયું છે. નવી દિલ્લીમાં રાજઘાટ ખાતે બાપુના  સમાધિ સ્થળે સર્વ ધર્મ પ્રાર્થના સભાનું આયોજન કરવામાં આવ્યું હતું.

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ, ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડ અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી, લોકસભાના અધ્યક્ષ ઓમ બિરલા, કેન્દ્રીયમંત્રી હરદીપ સિંહ

પુરી, ડૉ. જિતેન્દ્ર સિંહ, મીનાક્ષી લેખી અને કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ આજે રાજઘાટ પર મહાત્મા ગાંધીને પુષ્પાંજલિ અર્પણ કરી હતી.

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ તેમના સંદેશમાં કહ્યું કે, મહાત્મા ગાંધીના સત્ય અને અહિંસાના આદર્શોએ વિશ્વ માટે એક નવો માર્ગ મોકળો કર્યો છે.

ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડે જણાવ્યું હતું કે સ્વતંત્રતા અને સમાનતા માટે બાપુનો અવિરત પ્રયાસ માત્ર ભારત માટે જ નહીં, પરંતુ વૈશ્વિક સમુદાય માટે દીવાદાંડી સમાન છે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગાંધીજીની અસર વૈશ્વિક છે, જે સમગ્ર માનવજાતને એકતા અને કરુણાની ભાવનાને આગળ વધારવા માટે પ્રેરિત કરતી હોવાનું કહ્યું હતું.

આજે પૂર્વ પ્રધાનમંત્રી લાલ બહાદુર શાસ્ત્રીની પણ જન્મજયંતિ છે. રાષ્ટ્રપતિ, ઉપરાષ્ટ્રપતિ અને પ્રધાનમંત્રીએ વિજય ઘાટ ખાતે તેમને પુષ્પાંજલિ અર્પણ કરી હતી.

. . . . . . . . . . . . . . . . .

## REV.-GUJ-GANDHI-JAYANTI

રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીને તેમની જન્મજયંતિ પર શ્રદ્ધાંજલિ આપવા માટે ગુજરાતમાં મેગા સ્વચ્છતા અભિયાનનું આયોજન કરવામાં આવ્યું હતું. વિવિધ જીલ્લાઓમાં ખાદીના પ્રદર્શનો પણ યોજાયા હતા.

અમારા સંવાદદાતા અપર્ણા ખૂંટ જણાવે છે કે, ગુજરાતમાં મહાત્મા ગાંધીના જીવન સાથે સંકળાયેલા સ્થળોએ સર્વધર્મ પ્રાર્થનાસભાનું આયોજન કરવામાં આવ્યું હતું.

ગુજરાતના રાજ્યપાલ અને ગુજરાત વિદ્યાપીઠના કુલપતિ આચાર્ય દેવવ્રતે વર્ષ 1920માં મહાત્મા ગાંધી દ્વારા શરૂ કરાયેલ ગુજરાત વિદ્યાપીઠની સો વર્ષની સફરને દર્શાવતા પુસ્તકની બીજી આવૃત્તિનું લોકાર્પણ કર્યું હતું. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આજે મહાત્મા ગાંધીના જન્મસ્થળ પોરબંદરના કીર્તિ મંદિર ખાતે આયોજિત સર્વધર્મ પ્રાર્થનામાં ભાગ લીધો હતો. અમરેલીમાં કેન્દ્રિય મંત્રી પરસોત્તમ રૂપાલાએ ગાંધી વંદના કાર્યક્રમમાં ભાગ લીધો હતો.

સ્ટેચ્યુ ઓફ યુનિટી જેવા પ્રવાસન સ્થળો સહિત રાજ્યમાં વિવિધ સ્થળોએ સ્વચ્છાંજલિના કાર્યક્રમો યોજાયા હતા. તો આકાશવાણીના અમદાવાદ કેન્દ્રમાં પણ સ્વચ્છતા અભિયાનનું આયોજન કરવામાં આવ્યું હતું.

. . . . . . . . . . . . . . . . .

## REV.-ASIAN-GAMES-2023

ચીનમાં યોજાઇ રહેલી એશિયન ગેમ્સમાં 13 સુવર્ણ, 24 રજત અને 23 કાંસ્ય ચંદ્રકો સાથે ભારતે અત્યાર સુધીમાં કુલ 60 ચંદ્રકો જીતીને ચંદ્રકોની યાદીમાં ચોથું સ્થાને છે.

ભારતે 4X400m મિશ્રિત ટીમ રિલે ઇવેન્ટમાં અને મહિલાઓની લાંબી કૂદની ફાઇનલમાં એન્સી સોજન એડપ્પિલીએ રજત ચંદ્રક જીત્યો હતો.

3 હજાર મીટર મહિલા સ્ટીપલ ચેઝ ફાઇનલમાં પારુલ ચૌધરીએ રજત અને પ્રીતિ લાંબાએ કાંસ્ય ચંદ્રક જીત્યો હતો. ભારતની મહિલા અને પુરૂષ સ્પીડ સ્કેટિંગ રિલે ટીમે બે કાંસ્ય ચંદ્રકો મેળવ્યા. જ્યારે ટેબલ ટેનિસમાં, ભારતે મહિલા ડબલ્સ ટુર્નામેન્ટમાં કાંસ્ય ચંદ્રક જીત્યો.

ભારતીય જોડી સેમિફાઇનલમાં ઉત્તર કોરિયાના સુયોંગ ચા અને સુગ્યોંગ પાક સામે 4-3 થી હારી ગઈ હતી. ભારતીય સ્ક્વોશ ખેલાડી સૌરવ ઘોસાલે આજે રાઉન્ડ ઓફ 16માં કુવૈતના અમ્મર અલ્તામિમી સામે શાનદાર જીત મેળવી હતી. મહેશ મનાગાંવકરને જાપાનના ર્યુનોસુકે સુકુએ સામે 0-3થી હારનો સામનો કરવો પડ્યો હતો.

ભારતનું કબડ્ડી અભિયાન આજથી શરૂ થયું હતું. બે વખતની એશિયન ગેમ્સ ચેમ્પિયન મહિલા ટીમે 34 પોઇન્ટ મેળવ્યા હતા અને ભારત અને ચાઈનીઝ તાઈપેઈ વચ્ચે ટાઈ થઈ હતી.

પુરૂષોની હોકીમાં, ભારતીય ટીમે પૂલ Aની ફાઈનલ મેચમાં બાંગ્લાદેશ સામે 12-0થી જીત મેળવી હતી. સુકાની હરમનપ્રીત સિંહે પેનલ્ટી કોર્નર પર હેટ્રિક ફટકારી હતી જ્યારે મનદીપ સિંહે પણ ત્રણ વખત નેટ ફટકારી હતી. બેડમિન્ટનમાં, ભારતની સાઈ પ્રતિક અને તનિષા ક્રાસ્ટોએ મકાઉ ચીનના લીઓંગ લોક ચોંગ અને એનજી વેંગ ચી વિરુદ્ધ બેડમિન્ટન મિશ્રિત ડબલ્સના 32 રાઉન્ડમાં સીધી ગેમમાં જીત મેળવી હતી.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને રમતગમત મંત્રી અનુરાગ ઠાકુરે એશિયાઇ ગેમ્સમાં વિજેતા ખેલાડીઓને અભિનંદન પાઠવ્યા છે.

. . . . . . . . . . . . . . .